બિન સરકારી, અનુદાન પાત્ર શૈક્ષણિક સંસ્થાઓના રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: પરચ/૧૩૨૦૦૪/૧૦૪૩/ર
સચિવાલય, ગાંધીનગર.

તારીખ: 10 JUL 2006

**પરિપત્ર :-**

સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૨/૪/૮૩ ના ઠરાવ ક્રમાંક: પવસ/૧૧૮૩/૮૨૫/ગ.૩ સાથેના પરિશિષ્ટ-૧ થી અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા. અને શૈ. પ.વર્ગ અને શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત રાખવા અંગેના રોસ્ટર રજીસ્ટરનો નમૂનો નિયત કરવામાં આવેલ છે. પરંતુ જિલ્લાઓની કચેરીઓના રોસ્ટર નિરીક્ષણની કામગીરી દરમ્યાન આ કચેરીઓ તથા જિલ્લા હસ્તકની માધ્યમિક/ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ઉપરોક્ત નમૂના મુજબ રોસ્ટર રજીસ્ટર રાખવામાં આવતાં નથી એવું ધ્યાન પર આવેલ છે. સામાન્ય વહીવટ વિભાગના તા. ૮/૩/૯૯ ના ઠરાવ ક્રમાંક: પવટ/૧૬૯૬/૮૭૮/ગ.૪ થી જગ્યા આધારિત રોસ્ટર રજીસ્ટર અમલમાં આવેલ છે. તદઉપરાંત સામાન્ય વહીવટ વિભાગના તા. ૫/૯/૨૦૦૦ ના ઠરાવથી જગ્યા આધારિત રોસ્ટરના નવા ક્રમાંક નકકી કરવામાં આવેલ છે. તેમજ સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગના તા. ૧૦/૬/૨૦૦૨ અને તા. ૨૮/૧૧/૦૫ ના ઠરાવોથી ( નકલ સામેલ છે. ) અનુક્રમે પરિશિષ્ટ-ર તેમજ અદ્યતન પરિશિષ્ટ-૩ નિયત કરવામાં આવેલ છે. તે મુજબ રોસ્ટર રજીસ્ટરો તૈયાર કરવામાં આવતાં નથી. આથી સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ તથા સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓને તેમના હસ્તકની બિન સરકારી, અનુદાનપાત્ર માધ્યમિક/ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ અને બિન સરકારી, અનુદાનપાત્ર પ્રાથમિક શાળાઓ તથા અનુદાનપાત્ર પી.ટી.સી. કોલેજોના રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરાવવા માટે નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવા જણાવવામાં આવે છે.

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૨/૪/૮૩ ના ઠરાવથી નિયત કરેલ પરિશિષ્ટ-૧ (નકલ સામેલ છે. ) મુજબ રોસ્ટર રજીસ્ટર તૈયાર કરવા.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા. ૮/૩/૯૯ ના ઠરાવ મુજબ જગ્યા આધારિત તેમજ તા. ૫/૯/૨૦૦૦ ના ઠરાવ થી નકકી કરેલ નવા રોસ્ટર ક્રમ મુજબ રોસ્ટર રજીસ્ટર તૈયાર કરવા.

(૩) દરેક સંવર્ગવાર અલગ રજીસ્ટર બનાવવાનું રહેશે તેમજ રજીસ્ટર સાથે જે તે સંવર્ગની ભરતી નિયમોની નકલો બિડવાની રહેશે.

(૪) તા. ૮/૩/૯૯ ના રોજ નોકરીમાં હોય તેવા તમામ કર્મચારીઓના નામો યાદીમાં લેવાના રહેશે. તેમજ તા. ૮/૩/૯૯ બાદ આવેલ દરેક કર્મચારીના નામ યાદીમાં ઉમેરવાના રહેશે. જેટલું મહેકમ મંજુર થયેલ હોય તેટલાં જ રોસ્ટર ક્રમાંક વાપરવાના રહેશે.

(૫) સીધી ભરતી તેમજ બઢતીના અલગ અલગ રજીસ્ટર તૈયાર કરવાના રહેશે.

(૬) સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગના તા. ૧૦/૬/૦૪ ના પરિપત્રથી નિયત થયેલ પરિશિષ્ટ-૨ તથા તા. ૨૮/૧૧/૦૫ ના પરિપત્રથી નિયત થયેલ પરિશિષ્ટ-૩ તેમજ તે સાથેના પત્રક-ક-ખ-ગ માં વિગતો ભરી રોસ્ટર રજીસ્ટર સાથે રાખવા.

(૭) ૧૪ કે તેથી ઓછી સંખ્યાના મહેકમ માટે સામાન્ય વહીવટ વિભાગના તા. ૫/૯/૨૦૦૦ ના ઠરાવ સાથેના પરિશિષ્ટ-૪ તથા પરિશિષ્ટ-૬ ( નકલ સામેલ છે. ) મુજબ રોસ્ટર રજીસ્ટર તૈયાર કરવા.

(૮) દરેક પત્રક તથા રોસ્ટર રજીસ્ટરમાં સક્ષમ અધિકારીના સહી સિક્કા કરી આ વિભાગ મારફતે સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ પાસે પ્રમાણિત કરાવવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ડી. જી. ચૌધરી )
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

બિડાણ : ઉપર મુજબ.

પ્રતિ,

- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓ, બ્લોક નં.૯, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં.૧૨, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.
- સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.

સામાન્ય વહીવટ વિભાગના તા.૮/૩/૯૯ના ઠરાવ ક્રમાંક:પવસ-૧૬૯૬-૮૭૮-ગ-૪- અન્વયે જગ્યાઓ આધારીત ( Posts based ) રોસ્ટર રજીસ્ટર.

o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o

X ખાતાનું/કચેરીનું નામ :-

X સચિવાલયના વિભાગનું નામ :-

X સંવર્ગનું નામ :-

X સંવર્ગનું પગાર ધોરણ :- વર્ગ :-

X સંવર્ગનું કુલ સંખ્યા બળ :-

X..............................વિભાગનાં તા...................ના જાહેરનામાં ક્રમાંક:.........................થી.......................................જગ્યાના ભરતીના નિયમો પ્રસિધ્ધ થયેલ છે, જેના અમલની તારીખ.........................છે.

X ભરતી નિયમો અનુસાર તા..............થી સીધી ભરતી અને બઢતીનું નિયત થયેલ પ્રમાણ ( Ratio ).................છે.

X ભરતી નિયમોમાં વખતો વખત થયેલ સુધારાની વિગતો :-

X સીધી ભરતી અને બઢતીના નિયત ભરતી પ્રમાણ મુજબ :-

- સીધી ભરતીના ફાળે જતી કુલ જગ્યાઓની સંખ્યા :-
- બઢતીના ફાળે જતી કુલ જગ્યાઓની સંખ્યા :-

X સીધી ભરતીના ફાળે જતી કુલ જગ્યાઓમાં સા.વ.વિ.ના તા.૮/૩/૧૯૯૯ના ઠરાવની જોગવાઇઓ મુજબ જે તે જાતિ વર્ગો માટે નિયત થયેલી ટકાવારી મુજબ પ્રતિનિધીત્વ જાળવવા માટે ભરવા પાત્ર જગ્યાઓની સંખ્યા.

અનુસૂચિત જાતિ :-

અનુસૂચિત જન જાતિ :-

સા. અને શૈ.પ.વર્ગ :-

શારીરીક ક્ષતિવાળા :-

બીન અનામત :-

---

કુલ :-

X બઢતીના ફાળે જતી કુલ જગ્યાઓમાં સા.વ.વિ.ના તા.૮/૩/૧૯૯૯ના ઠરાવની જોગવાઇઓ મુજબ જે તે જાતિ વર્ગો માટે નિયત થયેલી ટકાવારી મુજબ પ્રતિનિધીત્વ જાળવવા માટે ભરવા પાત્ર જગ્યાઓની સંખ્યા.

અનુસુચીત જાતિ :-

અનુસુચીત જન જાતિ :-

બીન અનામત :-

---

કુલ :-

X સંવર્ગની જગ્યાના સંખ્યાબળમાં તા.૮/૩/૯૯ બાદ થયેલ વધારો/ઘટાડો.

-/( પરિશિષ્ટ-૧૩ )/-

## પરિશિષ્ટ - ૧

------------------------------------------------વિભાગ/કચેરી

અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ અને શારીરિક ખોડખાંપણ ધરાવનાર ઉમેદવારો માટે જગ્યાઓ અનામત રાખવાના પત્રકનો નમૂનો

(સા. અને શૈ. પછાતવર્ગ માટે રોસ્ટરના અમલની તારીખ : ૧/૪/૭૮)

(શા. ખો.ખાં. માટે રોસ્ટરના અમલની તારીખ : ૯/૧૧/૭૯)

------------------------------------------------ જગ્યાઓની કક્ષા કે વર્ગીકરણ

| આગળના વર્ષોથી આગળ ખેંચેલી અનામત જગ્યાઓ | | | | કાયમી/ હંગામી કરવામાં આવેલ ભરતીની વિગત | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અ.જા. | અ.જ.જા. | શા.શૈ.પ. | શા.ખો.ખાં. | ભરતીનું વર્ષ | રોસ્ટર અને ક્રમ | લાગુ પડતા રોસ્ટર પ્રમાણે સામાન્ય, અ.જા., અ.જ.જા., શા.શૈ.પ. કે શા.ખો.ખાં. માટે અનામત | નિમણૂંક કરવામાં આવેલ વ્યક્તિનું નામ | વ્યક્તિની નિમણૂંક તારીખ | અ.જા., અ.જ.જા., શા.શૈ.પ. કે શા.ખો.ખાં.માંથી કોઈ ન હોય તો એકેય નહીં તેમ જણાવો. | અ.જા. | અ.જ.જા. | શા.શૈ.પ. | શા.ખો.ખાં. | નિમણૂંક સત્તાધિકારીની સહી | વિશેષ નોંધ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |

[illegible]-૨

## ચેક લીસ્ટ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | સામાન્ય વહિવટ વિભાગના તા. ૮–૩–૯૯ ના ઠરાવ અન્વયે જગ્યા આધારિત રોસ્ટર રજીસ્ટરો તૈયાર કર્યા છે ? જો હા તો, કયા સંવર્ગ ના છે ? | | | | |
| | વિભાગ / ખાતા કચેરીનું નામ. | | | | |
| | ૧.સંવર્ગનું નામ | | | | |
| | ૨.વર્ગ | | | | |
| | ૩.સંવર્ગનું મંજુર સંખ્યાબળ(૨૦% કાપ બાદ) | | | | |
| | ૪.ભરતીનિયમોની તારીખ અને નામ નંબર | | | | |
| | ૫ સીધી/ભરતીઅને બઢતીનું પ્રમાણ | | | | |
| | ૬ ભરાયેલ જગ્યા..........અને ખાલી જગ્યા........ | | | | |
| | ૭ ફીડર કેડરની જગ્યાનું નામ અને વર્ગ | | | | |
| ૨ | સામાન્ય વહીવટ વિભાગ ના તા:– ૩૧/૧૨/૯૯ ના પરિપત્ર મુજબ રોસ્ટર રજીસ્ટરના પ્રથમ પાને નિયત કરેલ પત્રક લગાડેલ છે.જો હા તો તેની નકલ બિડવી. | | | | |
| ૩ | જગ્યાની ભરતી / બઢતી રાજ્ય કક્ષા એ કે જીલ્લા કક્ષાએ થાય છે. | | | | |
| ૪ | રોસ્ટર રજીસ્ટર કયા પરિશિષ્ટમાં બનાવેલ છે? પરિશિષ્ટમાં દર્શાવેલ ક્રમાંક મુજબ જાતિ અંકિત કરેલ છે ? | | | | |
| ૫ | સીધી ભરતીના છેલ્લા બે પ્રયત્નો/ બઢતીમાં છેલ્લા ત્રણ પ્રયત્નો ક્યારે કરેલ છે. (જે તારીખે પ્રયત્નો કરેલ હોય તે સ્પષ્ટ પણ દર્શાવવી ) | સીધી ભરતી | | બઢતી | |
| | | ૧ | | ૧ | |
| | | ૨ | | ૨ | |
| | | | | ૩ | |
| ૬ | ભરાયેલ જગ્યામાં કઈ જાતિ વર્ગના પ્રતિનિધિત્વ માં ઘટ આવે છે ? | [illegible]જા. | અ.જ.જા | સા.શૈ.પ.વ. | શા.ક્ષતિ |
| | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭ | ભરાયેલ જગ્યામાં કઈ જાતિ વર્ગના પ્રતિનિધિત્વ માં બેકલોગ આવે છે ? | અ.જા | અ.જ.જા | સા.શૈ.પ.વ. | શા.ક્ષતિ |
| | | | | | |
| ૮ | ભરાયેલ જગ્યામાં ભરતી અને બઢતીમાં અનામત ની કુલ ટકાવારી ૫૦ ટકા કરતાંવધી જાય છે ? જો હા તો કેટલા ટકા વધુ છે ? જગ્યાઓ ની સંખ્યા કેટલી છે? કઈ જાતિ/ વર્ગની છે. | અ.જા. | અ.જ.જા | સા.શૈ.પ.વ. | શા.ક્ષતિ |
| | | | | | |
| | | | | | |
| ૯ | તા. ૧૬-૩-૯૬ પછી બેકલોગની જગ્યા ઓ પર સામાન્ય વર્ગના ઉમેદવારોને નિમણુંક આપેલ છે ? જો હા તો જગ્યા નું નામ, ઉમેદવારનું નામ,જાતિ/વર્ગ અને નિમણુંક ની તારીખ દર્શાવવી, અને નિમણુંક માટેના સંજોગો / કારણો | | | | |
| ૧૦ | મંજુર કરાયેલ જગ્યા કરતાં વધુ ઉમેદવારો નિમણુંક પામ્યા હોય તો રજીસ્ટરમાં સંખ્યાધિક યાદી તરીકે દર્શાવેલ છે? જો હા તો જગ્યાઓની સંખ્યા કેટલી | | | | |
| ૧૧ | રોસ્ટર રજીસ્ટરો આપના વહિવટી વિભાગ ના સંપર્ક અધિકારીએ ક્યારે પ્રમાણિત કર્યા છે? | | | | |
| ૧૨ | બેકલોગની જગ્યા ભરવાનું શું આયોજન છે ? તેની વિગતો | | | | |
| ૧૩ | તા. ૮/૩/૯૯ પછી બેકલોગ ની કેટલી જગ્યાઓ ભરાઈ છે ? | | | | |
| ૧૪ | રોસ્ટર રજીસ્ટરમાં સંવર્ગમાંની યાદી બાદ નીચે તારીજી દર્શાવવી જેમાં જાતિવાર પ્રમાણ ઘટ / બેકલોગ સ્પષ્ટપણે દર્શાવવમાં આવે. | | | | |

તારીખ :-
કચેરીનું નામ

વહીવટી વિભાગ / ખાતા /કચેરીના
વડાની સહી :
નામ :
હોદ્દો :